યુ.આર.સી. ઝોન-૧,
મહારાણા પ્રતાપ પ્રા. શાળા
ન.પા. સયાજીગજ શાળા નં ૬, વડોદરા.
સમગ્ર શિક્ષા ,વડોદરા કોર્પોરેશન
Email : ssavmcurc1@gmail.com

ક્રમાંક: એસ.એસ./યુઆરસી-૧ /૨૦૨૬/૧૦૯ તારીખ:૧૩/૦૨/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા ઝોન-1 તમામ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
વડોદરા.

વિષય:- ધોરણ 3 થી 10 ના શિક્ષક આવૃત્તિ દ્વિતીય સત્ર પેડાગોજી શિક્ષક તાલીમ યોજવા બાબત

સંદર્ભ :- જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૫-૨૬/૪૩૯૩-૪૫૧૮ તારીખ ૦૬-૦૨-૨૦૨૬

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શિક્ષણ પ્રણાલીને સમર્થન મળે તેમ જ શિક્ષણ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાના હેતુસર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત શિક્ષણ વ્યવસ્થામાં લઈ રહેલ મૂળભૂત બદલાવના કેન્દ્રમાં આવશ્યક પણે શિક્ષક જ હોવો જોઈએ તેવું સૂચન કરેલ છે આ નીતિના અમલીકરણ દ્વારા શિક્ષણના પ્રત્યેક્ષ સ્તર પર શિક્ષકોને સમાજના સર્વાધિક સામાન્ય અને અનિવાર્ય સભ્યના રૂપમાં પ્રસ્થાપિત કરવામાં મદદ મળે તેવું આયોજન કરવું જરૂરી છે આ નીતિ દ્વારા શિક્ષકોને સક્ષમ બનાવવા શાળાના વર્ગખંડ વ્યવહારમાં ગુણવત્તા લાવવા સેવાકાલીન તાલીમ કાર્યક્રમો સુદ્રઢ અને અસરકારક બનાવવા શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા વધારવા માટેના પ્રયત્ન કરવા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2019 પર ભાર મૂકવામાં આવેલ છે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત દરેક શિક્ષકે 50 કલાકની કંટીન્યુઅસ પ્રોફેશનલ ડેવલોપમેન્ટ સીપીડી વ્યવસાયિક સજ્જતા તાલીમ લેવી ફરજીયાત છે જેના ભાગરૂપે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ2020 અને સ્ટેટ કેરીક્યુલમ ફ્રેમ વર્ક ફોર સ્કૂલ એજ્યુકેશનને આધારે તૈયાર કરવામાં આવેલ દ્વિતીય સત્રની શિક્ષક આવૃતિને ધ્યાને લઈ શિક્ષક તાલીમનું આયોજન જિલ્લા કક્ષા એથી કરવા આથી જણાવવામાં આવેલ છે આ તાલીમમાં સરકારી ગ્રાન્ટેડ આશ્રમશાળા મોડેલ સ્કૂલ અને કેજીબીવી પ્રાથમિક શાળાના તેમજ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના શિક્ષકોને જોડવાના રહેશે

- તાલીમ નો સમય સવારે 10:30 થી 17 કલાકનો રહેશે
- તાલીમના દિવસે શનિવાર આવતો હોય તો તાલીમનો સમય સવારનો રાખી શકાશે પરંતુ તાલીમના કુલ કલાકોમાં ઘટાડો થઈ શકશે નહીં જો આ દિવસે અને સ્ટેશન હશે તો સમય 11:00 થી 12 કલાક રહેશે
- જો શિક્ષકે આર.પી. એમ.ટી. તાલીમ દરમિયાન તજજ્ઞ તરીકે કામગીરી કરી હશે તો તેઓએ શિક્ષક તાલીમ મેળવવાની રહેશે નહીં

- ૧ શિક્ષક વાડી શાળાઓના શિક્ષકે આ તાલીમ લેવાની રહેશે નહીં પરંતુ શાળા ચાલતા હોય તે ધોરણ મુજબ તાલીમ સાહિત્ય આ શાળાને આપવાનું રહેશે
- જે શિક્ષકો એક કરતાં વધુ વિષયો ભણાવતા હોય તે વિષય પૈકી મહત્તમ બે વિષયોની તેમણે અવશ્ય તાલીમ લેવાની રહેશે
- દરેક શિક્ષક ધોરણ 3 થી 8 શિક્ષક આવૃત્તિની શાળામાં ઉપલબ્ધ રહે અને વખતે વખત વર્ગખંડમાં તેનો ઉપયોગ થાય તેવી હાથ વગી જગ્યા એ રાખવા શાળાને સૂચના આપવાની રહેશે
- શિક્ષક તાલીમ દરમિયાન પ્રથમ દિવસે 11 થી 12 કલાક દરમિયાન ઓન એર પ્રસારણ બાયસેગ ચેનલ નંબર 7 અને youtube જીસીઆરટી ચેનલ પરથી સીધુ જીવંત પ્રસારણ શિક્ષકોને જોડવાના રહેશે
- તાલીમ પૂર્ણ થયા બાદ દૈનિક પાંચ કલાક મુજબ તાલીમના દિવસોની સંખ્યાને ધ્યાને લઈ તાલીમની પૂર્ણતાનું સર્ટિફિકેટ મેળવવાનું રહેશે તાલુકા કક્ષાએ શિક્ષક તાલીમના આયોજન માટે સીઆરસી બીઆરસી કોર્ડીનેટર નો સહયોગ લઈ શકાશે શિક્ષક તાલીમ દરમિયાન સી.આર.સી બીઆરસી ઓએ મોનિટરિંગ કરવાનું રહેશે

બીડાણ: ધોરણ ૬ થી ૮ શિક્ષક તાલીમનો દિવસવાર આયોજન

ડિ. એ. બળાવલીયા

યુઆરસી વિભાગ-૧
સમગ્ર શિક્ષા
વડોદરા કોર્પોરેશન

સવિનય નકલ રવાના:

1) માનનીય પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા તરફ જાણ સારૂ.
2) માનનીય એ.ડી.પી.સી.સાહેબશ્રી, સમગ્ર શિક્ષા, વડોદરા કોર્પોરેશન તરફ જાણ સારૂ
3) માનનીય પી &એમ શાખા, સમગ્ર શિક્ષા, વડોદરા કોર્પોરેશન તરફ જાણ સારૂ

નકલ રવાના:

1) સી.આર.સી.કો.ઓ તમામ સમગ્ર શિક્ષા, વડોદરા કોર્પોરેશન તરફ જાણ અને અમલ સારૂ.

**નકલ: અમલ માટે**
**આચાર્યશ્રી**,

**મહારાણા પ્રતાપ પ્રા. શાળા** **ન.પા.** સયાજીગજ શાળા નં ૬

**.................. કાર્યક્રમ સંલગ્ન તમામ સુચારૂ વ્યવસ્થા/આયોજન સારૂ**